R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

If undelivered pl. return to; (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-23 • ISSUE: 05 DATE: 01-02-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ઇજીપ્તનું નવું બંધારણ એટલે જુનો દારુ નવી મશકોમાં



૧૩ મહિનામાં બીજી વાર,ઈજીપ્શીયનોએ નવુ બંધારણને મંજુરી આપી છે.બંધારણને જો સરખાવવામાં આવે તો પાછળના કરતાં નવા બંધારણમાં ખ્રિસ્તીઓને વધુ મજબુતાઈનું વચન તથા પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.આરબ રીપ્બલીકના ઈતિહાસમાં આ પ્રથમવાર બન્યું છે.કોપ્ટીક પોપ તવાડ્રોસ દ્રીતીય અને બીજા ખ્રિસ્તી લીડરોએ આ બાબતને સમર્થન આપ્યું છે.મુસ્લીમ બ્રધરહુડના મનસ્વી કાયદાઓ કરતાં નવું બંધારણમાં થોડુક પરિવર્તન જરુર છે.પરંતુ બંધારણનું હાર્દ એવું બતાવે છે કે ઈજીપ્તના ખ્રિસ્તીઓની સ્થિતિ બદલાશે નહી.બીજા કેટલાક ઈન્ટરનેશનલ ચાર્ટર મુજબ,ધાર્મિક સ્વાતંત્રતાની કેટલીક બાબતો સિધ્ધાંન્તિક રુપે સ્વીકારાઈ છે.પરંતુ ઈજીપ્તનં કાયદાના ઘડવૈયા અને સારા ન્યાયાધીશોની અગત્યતા છે,કે જેઓ કાયદાઓનું સાચું અર્થઘટન કરી શકે અને કાયદા પાલનમાં તેનો અમલ બંધારણ સુસંગત થાય તે માટે પ્રયત્નશીલ બને.પરંતુ અહીયા આ બાબતે ભવિષ્ય ઉજળું દેખાતું નથી.નવું બંધારણ ખ્રિસ્તીઓને લેજીસલેટીવ પ્રતિનિધિત્વ આપે છે. પરંતુ દાખલા તરીકે તેમને કોર્ટમાં જગ્યા આપતું નથી.આમ દેખીતી રીતે નવા બંધારણનો બધા લોકોએ સ્વીકાર્યુ,તેમજ બંધારણને ટેકો આપવામાં ભુતપુર્વ ઈસ્લામીક ગ્રુપ મુસ્લીમ બ્રધર હુડમાંથી પણ હતા.કે જેઓ તેમના પ્રેસિડેન્ટ મોહમંદ મોરસી માટે વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે. ઈજીપ્તનું નવું બંધારણમાં ૨૦૧૧ની ક્રાંતિ બાદ આવેલ કેટલાક ફેરફારો પણ છે.જેમાં પ્રેસિડેન્ટ હોસ્ની મુબારકને પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા.૨૦૧૨માં મુસ્લીમ બ્રધરહુડે ૧૩ મીલીયન વોટર્સને એકઠા કર્યા હતા.જેના કારણે મોરસીનો ચુટણીમાં વિજય થયો હતો.તેમણે નવા બંધારણના કાર્યનું સુપરવીઝન કર્યુ હતું.ખ્રિસ્તીઓના અધિકારો બાબતે ઘડાનાર નીતિ તેમજ બીજા કેટલાક મુદ્દાઓની બાબતે સહમતી થઈ શકી નહોતી.૨૦૧૨માં મોરસીએ તમામ બંધારણ બનાવવા એકઠા થયેલા લોકોને બાકી રહેલ બાબતોને એક રાત્રીમાં પુરુ કરવાનો હુકમ કર્યો હતો.અને વોટીંગ માટે ડ્રાફટને રજુ કરવામાં આવ્યો હતો.મોરસીની વિરુધ્ધમાં ફાટી નિકળેલ જુવાળને મીલીટરી દ્વારા ટેકો કરવામાં આવ્યો હતો.અને મોરસીને પ્રેસિડેન્ટ પદેથી જુલાઈમાં પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા.જેથી મુસ્લીમ બ્રધરહુડ ગેરકાયદેસર જાહેર થયું અને ત્યારબાદ નવું બંધારણ માટે નવી કમિટિ બની.પરંતુ નવા બંધારણ પર મુસ્લીમ બ્રધરહુડની અસર તો રહી જ હતી.મુસ્લીમ બ્રધર હુડની આઈડોલોજી અને દેશદાઝનો તેમાં ઉમરો તો રહ્યો જ હતો.ઘણા બધા ઈજીપ્શીયનોએ નવા બંધારણની તરફેણમાં મત આપ્યો હતો.જે મોરસીને પદભ્રષ્ટ કર્યાની તરફેણમાં પણ હતો.નવું બંધારણ દેશનો એક મહત્વ પ્રોજેકટ છે અને તેમાં બ્રધરહુડની પોલીસીઓનો સામનો કરવાનો પણ ઉદ્દેશ્ય છે.ઈજીપ્તના લોકોની એકતા બકરાર રાખવાનો પણ ઉદ્દેશ્ય છે.ખ્રિસ્તી અને મુસ્લીમ સંપ્રદાયની એકતા પણ સ્થાપિત કરવાનો ઈરાદો છે.દેશમાં એકતા પ્રસ્થાપિત કરવાના ઉદ્દેશ્યથી ઈજીપ્તના પ્રેસિડેન્ટ અદીલ મનસુરે તાજેતરમાં કોપ્ટીક પોપની સેંટ માર્ક કેથેડ્રલ ખાતે મુલાકાત લીધી હતી.૪૦ વર્ષોમાં પ્રથમ વાર ઈજીપ્તના પ્રમુખે કોપ્ટીક પોપની મુલાકાત લીધી હોય તેવો આ પ્રસંગ બન્યો છે. આ બનાવને ઓછો આંકી શકાય નહી.પોપે નવા બંધારણને સમર્થન આપ્યું અને કોપ્ટને બંધારણની તરફેણમાં મત આપવા માટે કહ્યું.

## આંધ્ર પ્રદેશમાં હિંદુ વાહિની દ્વારા પાસ્ટર ઉપર જીવલેણ હુમલો



ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયન ક્રિશ્ચિયન દ્વારા જણાવાયું છે કે પાસ્ટર સંજીવ, કે જેઓ હેબ્રોન મિનિસ્ટ્રી માટે કાર્ય કરતા હતા અને અયાપ્પનનગર, વિકારાવાદ,કે જે રંગા રેડ્ડી જીલ્લામાં આવેલ છે તેમની પર હિંદુ વાહીની એક હિંદુ કટ્ટરવાદી સંસ્થાના લોકોએ હુમલો કરીને તેમનું મોત નિપજાવ્યું હતું.

સુત્રોના જણાવ્યાનુસાર સંજીવ પાસ્ટરને શનિવાર રાત્રીએ તેમના નામની બુમો પડતાં તેઓ તેમના રહેઠાણની બહાર નીકળ્યા હતા.જેવા તેઓ ઘરની બહાર નિકળ્યા કે તુરતજ તેમની પર હત્યારાઓ ચાકુ તેમજ લોખંડની પાઈપોથી તુટી પડયા હતા.પાસ્ટરે જોરથી બુમો પડી અને તેઓ તેમના ઘરના દરવાજા પાસે પડી ગયા હતા.તેમની બુમો સાંભળીને તેમની પત્ની બહાર દોડી આવ્યા હતા.હુમલાખોરોએ તેમને પણ નિશાન બનાવ્યા હતા.ખુબજ ઘવાયેલ સ્થિતિમાં પાસ્ટરને યશોદા સુપર સ્પેશીયાલીટી હોસ્પીટલમાં લઈ જવાયા હતા. પુષ્કળ લોહી વહી જવાને કારણે તેમની સ્થિતિ અત્યંત ગંભીર હતી.

બીજા દિવસે સમાચારો મળતાં ખ્રિસ્તી લોકો એકઠા મળ્યા હતા તેમણે પાસ્ટર માટે પ્રાર્થના કરી હતી. તેમજ સત્તાવાળાઓ સામે ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં તેઓએ ચર્ચોનું રક્ષણ અને ખ્રિસ્તીઓની સલામતી માટે માંગણી કરી હતી.બીજા દિવસે પાસ્ટર સંજીવનું ભારે ઈજાઓને કારણે મોત નિપજ્યું હતું.બધા ખ્રિસ્તી નેતાઓએ ભેગા મળીને મુખ્યમંત્રીની ઓફીસ સામે આ ઘાતકી કૃત્યના વિરોધમાં વિરોધ પ્રદર્શન કર્યુ હતું. પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલ ખ્રિસ્તીઓની ધરપકડ કરી હતી.જીસી આઈસીએ આંધ્રપ્રદેશમાં હિંદુ કટ્ટરવાદી સંસ્થા હિંદુ વાહીની દ્વારા આચરવામાં આવેલ આ ઘાતકી કૃત્ય સામે આકરા પગલાં લેવા સરકારને અનુરોધ કર્યો હતો.

## ઇજીપ્તની સરકારે મુસ્લીમ બ્રધરહુડને ટેરેરીસ્ટ તરીકે જાહેર કર્યા

ઈજીપ્તની સરકારે મુસ્લીમ બ્રધરહુડના તમામ નેતાઓને ટેરરીસ્ટ તરીકે જાહેર કર્યા છે.મુસ્લીમ બ્રધરહુડ હવેથી સરકારની આંખોમાં કાયદેસર રીતે ટેરેરીસ્ટ સંસ્થા તરીકે ઓળખાશે.મોહમંદ મોરસી જે મુસ્લીમ બ્રધરહુડના કાર્યકર્તા તરીકે ઈજીપ્તના પ્રેસિડેન્ટ તરીકે ચુંટાયા હતા પરંતુ તેમને પદભ્રષ્ટ કરવામાં આવ્યા ત્યારબાદ તેમના કાર્યકર્તાઓએ દેશમાં આતંક મચાવી દીધો હતો.તેમણે અનેક ખ્રિસ્તી ચર્ચો,સંસ્થાઓ અને ખ્રિસ્તી લોકોને શિકાર બનાવ્યા હતા.

આખું ઈજીપ્તમાં આતંક ફેલાઈ ગયો હતો.મુસ્લીમ બ્રધરહુડના કાર્યકર્તાઓ દ્વારા દકાહલીયા સીક્યુરીટી ડાયરેક્ટરનું બિલ્ડીંગ ફુંકી માર્યા બાદ તેમને વિધિસર સરકારે આંતકવાદીઓ તરીકે જાહેર કર્યા હતા.તાજેતરમાં અન્ય એક ઘટનામાં આત્મઘાતી હુમલાખોરે કરેલા હુમલામાં ૧૬ વ્યક્તિઓ પોલીસ સ્ટેશનમાં મૃત્યુ પામી હતી. તેથી સરકાર



નાઈલાજે આ સંસ્થા અને તેમના કાર્યકર્તાઓને આતંકવાદી તરીકે ઘોષિત કરી દીધા હતા.ઈજીપ્તમાં આ ઘટનાએ એક જબરજસ્ત વળાંક લીધો છે.સરકારે લીધેલ આ અગત્યના પગલાને કારણે મુસ્લીમ બ્રધરહુડને હવે ફરીથી રાજકીય જીવનમાં આવવાનું શકય બનશે નહીં.ઈસ્લામીક ચળવળના કારણે મોરસીએ ૧૮ મહિના સુધી રાજકીય સત્તા ભોગવી હતી.મોરસીના પ્રદભ્રષ્ટ થયા બાદ ચારે બાજુ વિરોધ અને હિંસાનો નો દાવાનળ ફાટી નિકળ્યો હતો.વચગાળાની સરકારે મોરસીને અંડરગ્રાઉન્ડ કરી દીધા હતા.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

મહારાષ્ટ્રમાં ટોલટેક્ષ બાબતે મનસેના કાર્યકરો દ્વારા તેમના નેતા રાજ ઠાકરેના ઉત્તેજની ટોલટેક્ષ ઉઘરાણીમાં વિઘ્ન ઉભા કરવામાં આવ્યા.તોડફોડ કરવામાં આવી અને કહેવામાં આવ્યું છે કે જો કોઈ ટોલટેક્ષ માંગે તો તેને મારપીટ કરો.કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉભી કરીને અરાજકતા સ્થાપવી એ સારી બાબત નથી.રાજ્યે પણ આવી અરાજકતા પેદા કરવાની સ્થિતિ ઉભી થાય તો તેમા અવશ્ય કડક હાથે કામ લેવું જોઈએ.આની પાછળનો ઉદ્દેશ્ય એ છે કે નહિતર દેશમાં ઠેર ઠેર સરકારને કર નહી ભરવા માટે ગ્રુપો સ્થપાતાં જશે અને સરકાર માટે કામગીરી કપરી બનશે.માત્ર મતબેંક સાચવવા માટે દેશમાં કેટલાક રાજકીય પક્ષોએ એવી નીતિ અપનાવી છે જેનાથી દેશની સ્વતંત્રતા,લોકશાહી,કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી છે.ધર્મના નામે આચરવામાં આવતા પાખંડો અને જોહુકમીના કારણે કેટલાક નિર્દોષ નાગરિકોના જીવન જોખમાયા છે.લોકશાહીનો મતલબ એવો નથી થતો કે તમારી મરજી હોય તે પ્રમાણે વર્તો.લોકશાહીના નામે કેટલાક પક્ષોના કાર્યકરો તેમના નેતાઓની હુંકને કારણે રીતસરની ગુંડાગીરી આચરે છે. અને ત્યારબાદ આ નેતાઓ એમ કહીને છટકી જાય છે કે અમારે તેમની સાથે કોઈ લેવાદેવા નથી.

ખેર,રાજ ઠાકરેના કાર્યકરો દ્વારા કરવામાં આવેલ તોડફોડ અને મારામારીને સહુ કોઈએ વિરોધ કરવો રહ્યો. તેમજ સરકારે પણ ટોલટેક્ષની આવક જાવકના આંકડા અને તેની અવધિ પુરી થાય બાદ તેને નાબુદ કરવાના આવશ્યક પગલાં સમયસર લેવા જોઈએ. માત્ર આવકના સાધન તરીકે લોકો પર ખોટા ટેક્ષનુ દબાણ કરવુ એ વ્યાજબી નથી. લોકોને સારી અને સસ્તી સવલતો મળે તે પણ રાજ્યે જોવાનું છે.સત્તા પર બેઠા બાદ લોકોના હિતોને સારી પેઠે સમજવા જરુરી છે.માત્ર પોતાના અને રાજકીય હિતો માટે ખિચડી પકાવવામાં આવશે તો આખો દેશ અરાજકતામાં ઘસડાઈ જશે.

## જાણવા જેવું !

પુરાતન કાળમાં ઈજીપ્તમાં પથ્થરમાંથી બનાવેલા ઓશીકાનો ઉપયોગ કરવામાં આવતો હતો.

વિશ્વમાં સૌથી વજનદાર મોતી ૬૨૦ કેરેટનું હતું.

અંજીરનું ઝાડ પાંદડા નીકળે તે પહેલાં ફળ આપે છે.

ચંદ્ર જ્યારે પુર્ણકળાએ ખીલે છે ત્યારે તે સામાન્ય દિવસો કરતાં નવગણો વધુ પ્રકાશમય હોય છે.

ભારતમાં સૌથી વધુ મંદિરો તામિલનાડુંમાં આવેલા છે.

મિનાક્ષી મંદિરના સ્તંભોમાં ટકોરા મારતાં તેમાંથી સંગીતના સુરો ઝણઝણે છે.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, **જીવન સાહિત્ય ભંડાર,** શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮ | શ્રી ભાઈલાલભાઈ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨ |
| **ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી વિલિયમભાઈ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨ |
| શ્રી હેલ્ફર્સ એલેન્દી, વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧ | શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |
| | શ્રી પાઉલભાઈ એ. પરમાર, ૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨ |

# મલેશીયન ઈસ્લામીક સત્તાવાળાઓએ ૩૦૦ બાયબલો જપ્ત કર્યા



મલેશીયન ઈસ્લામીક સત્તાવાળાઓએ ૩૦૦ બાયબલ જપ્ત કર્યા હતા તેની પાછળનું કારણ એ હતું કે આ બાયબલોમાં ગોડને અલ્લાહ તરીકે સંબોધન કરવામાં આવેલ હતું. મલેશીયામાં આવેલ સીલેનગોર ખાતે આવેલ બાયબલ સોસા.ઓફ મલેશીયામાંથી આ બાયબલ જપ્ત કરવામાં આવ્યા હતા.તેમજ ત્યાંના બે ક્રિશ્ચિયન ગ્રુપ ઓફીસરને પોલીસ સ્ટેશનમાં બોલાવી તેમના જવાબ લેવામાં આવ્યા હતા.બાયબલ સોસા.ઓફ મલેશીયાના ચેરમેન લી મીન ચુને જણાવ્યું હતું કે બાયબલ સોસા.ના બે ઓફીસરને પોલીસ સ્ટેશનમાં રોકવામાં આવ્યા હતા અને તેમની ઉલટ તપાસ કરવામાં આવી હતી.રાજ્યના કાયદા મુજબ અલ્લાહ શબ્દનો ઉપયોગ નોન મુસ્લીમ લોકો કરી શકે નહી.

લીએ વધુમાં જણાવ્યુ હતું કે બાયબલ મોટાભાગે મલાય ભાષામાં લખાયેલ છે.અનો તે ઈન્ડોનેશીયામાંથી આયાત કરવામાં આવે છે.જ્યા મલય ભાષા બોલાય છે.કેટલાક બાયબલ ઈબાન ભાષામાં પણ લખાયેલા છે.જે મોટે ભાગે મલેશીયાના સ્થાનિક લોકોની ભાષા છે.અમે તેનો ઉપયયોગ ૧૯૮૫માં બાયબલ સોસા.ની સ્થાપના થઈ તે પહેલાથી કરીએ છીએ.પરંતુ આજ કારણોસર પ્રથમ વાર રેઈડ કરવામાં આવી છે.જો કે સીલેનગર ઈસ્લામીક ઓથોરીટીએ જણાવ્યું હતું કે અલ્લાહ શબ્દ જો નોન મુસ્લીમ કોઈપણ પ્રકાશનમાં છાપે તો રેઈડ કરવાનો અમારો અધિકાર છે.જ્યારં કાઉન્સીલ ઓફ ચર્ચીસ ઈન મલેશીયાએ જણાવ્યું હતું કે આવો કોઈ અધિકાર નથી.

વડાપ્રધાન,સીલેન્ગર મીનટીરી બીસર અને ક્રિશ્ચિયન લો મેકર આ બાબતે ઝડપથી કાર્યવાહી કરવાની જરુર છે.જેથી આવી રેઈડોને રોકી શકાય.કાઉન્સીલ જનરલ સેક્રટરી રેવ ડો.હેરમાન શાશ્ત્રીએ જણાવ્યું હતું કે મલેશીયન ઈનસાઈડરમાં પોતાનું સ્ટેટમેન્ટ આપ્યું હતું. જેમાં જણાવાયું હતું કે ઈસ્લામીક ઓથોરીટીને નોન મુસ્લીમ ધાર્મિક સંસ્થાઓમાં ઈન્સપેક્સન કરવાની છુટ નથી.તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશના તમામ ચર્ચોએ શાંતિ જાળવવાની જરુર છે.અનો પ્રાર્થના કરો કે જેથી સત્તાવાળાઓને સાચી સમજણ મળે, તેમજ ધાર્મિક અધિકારોનું રક્ષણ ફેડરલ બંધારણ મુજબ થાય.

અલ્લાહ શબ્દનો પ્રકાશનમાં ઉપયોગ કરવા સામે કેટલાક વર્ષોથી મલેશીયામાં વિવાદ ચાલે છે.૨૦૦૯માં હોમ મિનિસ્ટરે કેથોલીક ન્યુઝ પેપરને અલ્લાહ શબ્દના ઉપયોગ નહી કરવા માટે ચેતવણી આપી હતી.અને કહ્યું પણ હતું કે આ બાબતને રોકી કાઢો.આ બાદ કેથોલીક ચર્ચે કાયદાની અદાલતમાં આ બાબતને પડકારી હતી.આ શબ્દનો ઉપયોગ કરવાની કોર્ટે છુટ પણ આપી હતી.કેથોલીક ચર્ચ આ બાબતે કોર્ટમાં કેસ જીતી ગયું હતું.મુસ્લીમ લોકોનો એવું માનવુ છે કે ખ્રિસ્તી લોકો ગોડને બદલે અલ્લાહ શબ્દનો ઉપયોગ કરે તેથી ગેરસમજ ઉભી થાય છે.અનો તેના કારણે ઈસ્લામમાંથી ખ્રિસ્તી ધર્મમાં ધર્મ પરિવર્તન પણ થઈ શકે છે.જ્યારે ખ્રિસ્તીઓએ પોતાનો મત એવો પ્રદર્શિત કર્યો હતો કે અલ્લાહ શબ્દ એ ગોડ શબ્દનું ખરુ ભાષાંતર મલય ભાષામાં છે,કે જે વર્ષોથી કરવામાં આવી રહ્યું છે.જો કે ઉપરની કોર્ટે ફરીથી બાન મુક્યું છે. અલ્લાહ શબ્દનો નોન મુસ્લીમ લોકો ઉપયોગ ચુકાદો આવે નહી ત્યાં સુધી કરી શકશે નહી. મલેશીયામાં કુલ૨૮ મીલીયન વસ્તીના ૯ ટકા લોકો ખ્રિસ્તી છે.


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી,

મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

**ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ગુજરાત સરકાર

# આવો,
# ભારતમાં સુરાજ્યની સ્થાપનામાં
# ભાગીદાર બનીએ ......

## એક ભારત .... શ્રેષ્ઠ ભારત

ગુજરાત -વિકાસમાં શિરમોર

★ કૃષિ વિકાસ : ખેડુતોની કૃષિ આવકમાં સાત ગણો વધારો - વર્ષ ૨૦૦૦-૦૧માં કૃષિ આવક રૂ.૧૪,૬૬૩ કરોડ સામે વર્ષ ૨૦૧૧-૧૨ માં રૂ.૧,૧૧,૮૯૩ કરોડ સુધી પહોચી

★ ચિંરજીવી યોજના : સમગ્ર દેશમાં પ્રથમ એવી ગુજરાતે શરુ કરેલી ચિંરજીવી યોજનાના કારણે દવાખાનામાં વિનામુલ્યે પ્રસુતિ સારવાર : ૮.૭૫ લાખ મહિલાઓને સલામત પ્રસુતિ અને નવજાત શિશુને મળી સઘન આરોગ્ય સેવા.

★ ગરીબ કલ્યાણ મેળા : ૧૦૦૦ ગરીબ કલ્યાણ મેળામાં વચેટિયાઓને નાબુદ કરી ૮૫ લાખ ગરીબોને રુ૧૩૦૦૦ કરોડની હાથોહાથ સહાય

★ વનવાસીઓના કલ્યાણને પ્રાથમિકતા : સરકારે છેલ્લા બાર વર્ષમાં વનવાસીઓના કલ્યાણને આપી પ્રાથમિકતા : ૧.૧૦ લાખ આદિવાસીઓને મળ્યા વન અધિકારપત્રો :વનવાસી ક્ષેત્રના ૧૫ જિલ્લામાં ૬૩૦૦૦ આદિવાસીઓને અત્યાર સુધીમાં રુ ૨૨૭૫ કરોડની જંગલની જમીનના અધિકારો આપ્યા

★ વનબંધુ કલ્યાણ યોજના : વનબંધુઓના ઉત્કર્ષ માટેની ૧૫,૦૦૦કરોડ રુપિયાની આ યોજના હેઠળ પાંચ વર્ષમાં રુ ૧૭૦૦૦કરોડ રુપીયાની આ યોજના હેઠળ પાંચ વર્ષમાં રૂ ૧૭૦૦૦ કરોડ વાપરીને વનવાસી ક્ષેત્રમાં સુવિધાઓ વધારી : ૪૦૦૦૦કરોડના નવા પેકેજનો અમલ

★ ડો.આંબેડકર આવાસ યોજના : આ યોજના અંતગર્ત છેલ્લા દસ વર્ષમાં અનુસુચિત જાતિના બીપીએલ યાદીમાં સમાવિષ્ટ ૭૬૦૦૦ થી વધુ કુટુંબોને રૂ ૮૮૫ કરોડ ઉપરાંતની આવાસ બાંધકામ સહાય અપાઇ

★ રોજગાર નિર્માણ : ભારત સરકારના શ્રમ મંત્રાલયના અહેવાલ અનુસાર યુવાઓને રોજગારી આપવામાં ગુજરાત સતત આઠ વર્ષથી પ્રથમ સ્થાને : સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રે પ્રધાનમંત્રીશ્રીનો રાષ્ટ્રીય એવોર્ડ.

★ ઉચ્ચ શિક્ષણમાં ક્રાંતિ : દેશભરમાં પ્રથમ એવી રક્ષા શક્તિ યુનીવર્સીટી,પેટ્રોલીયમ યુનીવર્સીટી,ચિલ્ડ્રન યુનીવર્સીટી,ફોરેન્સિક સાયન્સીસ યુનીવર્સીટી,કામધેનુ યુનીવર્સીટી,ઇન્ડીયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન જેવી શ્રેષ્ઠ યુનીવર્સીટીઓની સ્થાપના.

★ જયોતિગ્રામ :૧૮૦૦૦ગામો અને ૯૭૦૦ પેટા પરા વિસ્તારમાં ૨૪ કલાક થ્રી ફેઇઝ વીજળીના અવિરત પ્રવાહના કારણે ગ્રામ જીવનમાં આર્થિક -સામાજિક બદલાવ.

★ સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના : ૧૩ જિલ્લાના ૩૮ તાલુકામાં વસવાટ કરતાં ૬૦ લાખ સાગરખેડુ માટે રૂ ૧૧,૬૦૦ કરોડ ખર્ચાયા, રૂ ૨૧૦૦૦ કરોડનુ નવું પેકેજ અમલી.

★ શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના અંતગર્ત શહેરી ગરીબજનોના ઉત્કર્ષ માટે ૧૩૦૦૦ કરોડ રુપીયાનો ખર્ચ :રૂ૨૫૦૦૦કરોડના નવા પેકેજનું અમલીકરણ

★ મિશન મંગલમ યોજના હેઠળ ૨.૨૫ લાખ સખી મંડળો દ્વારા ૩૦ લાખ મહિલાઓને સ્વરોજગારી પુરી પાડવામાં આવી છે. જેમાં રુ ૧૭૦૦ કરોડનું રોકાણ કરવામાં આવેલ છે



## ૬૫ મા
## પ્રજાસત્તાક પર્વની
## સૌ ભારતવાસીઓને
## અંતઃકરણપુર્વક
## શુભેચ્છાઓ

# ઇવેન્જલીસ્ટ રેવ બેન્ની હિન્નને બેગલોર આવતા રોકવા માટે કરેલ અરજીને કર્ણાટક હાઇકોર્ટે કાઢી નાંખી

કર્ણાટક હાઈકોર્ટ દ્વારા શ્રી રામ સેના કેજે રાષ્ટ્રીય સ્વયંસેવક નો એક હિસ્સો છે તે હિંદુ કટ્ટરવાદી સંસ્થાએ બેગલોર ખાતે યોજાયેલ એક ખ્રિસ્તી પ્રાર્થના સભામાં આવતા અમેરિકન ઈવેન્જલીકલીસ્ટ રેવ બેન્ની હિન્નને રોકવા અરજી કરી હતી.નામદાર કોર્ટે અરજી કાઢી નાંખતા પોલીસને હુકમ કર્યો હતો કે જ્યાં આ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યાં શાંતિ જળવાય માટે તમામ વ્યવસ્થા ગોઠવે

શ્રી રામ સેના બેગલોર યુનીટે ફાઈલ કરેલ પીટીશનમાં જણાવ્યું હતું કે સીટી પોલીસ બેન્ની હિન્નને આ સભામાં ભાગ લેવાથી રોકે.ફાઈલમાં જણાવાયું હતું કે ૨૦૦૫માં તેમની બેગલોર મુલાકાત સમયે અશાંતિ ઉભી થઈ હતી.

ડીવીઝન બેંચમાં ચીફ જસ્ટીસ ડી.એસ.વાઘેલા, અને જસ્ટીસ બી.વી. નગરાથનાએ જણાવ્યું હતું કે દરેક નાગરિકના અધિકારોની જાળવણી તેમજ તેમના વિચારો જણાવવા માટે અધિકારો બંધારણે બક્ષેલા છે. તેમજ પીટીશન કે અન્ય લોકોને એવા કોઈ વિશેષાધિકારો મળેલ નથી કે તેઓ અન્યોને તેમના વિચારો કે તેમના મુળભુત અધિકારોમાં ડખલ કરે.માટે અરજી કાઢી નાંખવામાં આવે છે.

નામદાર કોર્ટે આ અરજી કાઢી નાખવાની સાથે સાથે શ્રી રામ સેના સીટી યુનીટ પાસેથી બાંહેધરી મેળવી હતી કે તેઓ શાંતિનો ભંગ કરવાની કોશીસ કરશે નહી તેમજ અન્યો તેમ કરવા પ્રોત્સાહિત કરશે નહી.કોઈના પણ બંધારણીય મુળભુત અધિકારો ખોરવવાનો પ્રયત્ન કરશે નહી.કોર્ટે પીટીશન દ્વારા અપાયેલ બાંહેધરીને આવકારી હતી,બાંહેધરી મુજબ શ્રીરામ સેના કોઈપણ જાતનો આ બાબતે વિરોધ કે ઘર્ષણ ઉભા કરશે નહી અને શહેરમાં શાંતિ જાળવશે. આ સાથે કોર્ટે પોલીસને પણ હુકમ કર્યો હતો કે આ પાંચ દિવસો દરમ્યાન ચાલનાર પ્રાર્થના સભાને શાંતિથી ચાલે તેવી તમામ વ્યવસ્થાઓ કરશે.

અરજીને સાંભળતી વખતે બેંચે જાણવા માંગ્યું હતં કે શા માટે પીટીશનરો આ ધાર્મિક સભાની સામે વિરોધ પ્રદર્શન કરવા માંગે છે.શા માટે તેઓ જ્યારે હજારો લોકો ભગવત ગીતાને સાંભળવા લોકો એકઠા થાય છે ત્યારે તેમનો વિરોધ કરતા નથી. ભારત એ બિનસાંપ્રદાયિકતામાં માનતો દેશ છે.તેમાં અનેક વિભાગો, ભાષાઓ, આસ્થાઓ અને ધર્મો,તેમજ





સામાજીક અને સાંસ્કૃતિક પંથો આવેલા છે.સમયની માંગ છે દરેક બાબતને ધીરજથી ખમવી જોઈએ.અમને આંચકો લાગ્યો છે કે કોર્ટનો આ રીતે દુરપયોગ કરવામાં આવી રહ્યો છે.બેચે આ બાબતો મૌખિક સ્વરુપે કહી હતી.

રેવ બેન્ની હિન્ન આ પ્રાર્થના સભામાં આવનાર નથી એ અંગેનો એક પત્ર એડીશનલ પોલીસ કમિશન્નર,લો એન્ડ ઓર્ડર,કમલ પંતને કાર્યક્રમના આયોજકો તરફથી મોકલી અપાયો હતો. તેને પોલીસે સર્મથન આપ્યું હતું.આ પ્રાર્થના સભા તેના નિયત સમય મુજબ જ શરુ થશે અનો તોમા ભાગ લેનારા અન્ય વક્તાઓ પણ જણાવ્યા પ્રમાણે સંબોધન કરશે.માત્ર બેન્ની હિન્ન આમાં આવનાર નથી.જો કે કાર્યક્રમના આયોજકોએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર અને પરદેશથી આવનાર તમામ વક્તાઓના વિઝા અને અન્ય કાયદાકીય કાર્યવાહી પુરી કરી હતી.પરંતુ બેન્ની હિન્ન શા માટે કાર્યક્રમમાં આવનાર નથી તે કારણો જાહેર કરવામાં આવ્યા નથી.

ઘણા બધા હિંદુ ગ્રુપો કે જેઓ આમ તો આર.એસ.એસ.ની પાંખો જ છે. તેમજ ભારતીય જનતા પાર્ટીના પડછાયા તરીકે કાર્યરત છે. તેમનો કટ્ટરવાદી હિંદુ એજન્ડા માટે આ બધી સંસ્થાઓ કાર્ય કરે છે.તે પૈકીની સ્થાનિક હિદું કટ્ટરવાદી સંસ્થા શ્રી રામ સેના તેમજ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ દ્વારા બેન્ની હિન્ન આ પ્રાર્થના સભામાં ભાગ લે તેનો વિરોધ કર્યો હતો.આ ઉપરાંત ૨૦૦૦ જેટલા હિંદુ કટ્ટરવાદીઓના ટોળા એકત્રિત કરને ગત સપ્તાહમાં આ બાબતે વિરોધ પ્રદર્શનો પણ કર્યા હતા.એક હિંદુ સંત કે જેમને પ્રાણવનંદા સ્વામી જેઓ હુબલી સીટીના છે તેમણે આ બાબતે આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો.તેમણે માંગણી કરી હતી કે બેન્ની હિન્નને અહી આવતા રોકવામાં સરકાર પગલાં નહી લે તો તેવો આત્મહત્યા કરશે.તેમણે પોતાના શરીર પર કેરોસીન રેડ્યુ હતું. અને તે ઉપરાંત થોડુક કેરોસીન પીધું પણ હતું.પરંતુ તેમનો પોલીસે પકડીનો નજીકની હોસ્પીટલમાં સારવાર માટે મોકલી આપ્યા હતા.આ બાબતે રામસેના પોલીસને કોર્ટમાં ઘસડી જવાની ધમકી પણ આપી હતી.પરંતુ ડીવીઝન બોંચ કર્ણાટક હાઈકોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ કે ગ્રુપ કોઈપણ ધાર્મિક સભા કે મેળાવડાને રોકી શકે નહી.આ ઉપરાંત કોર્ટે પોલીસને હુકમ કર્યો હતો કે આ ખ્રિસ્તી પ્રાર્થના સભાને શાંતિ પુર્વક ચાલવા માટે તમામ વ્યવસ્થાઓ કરવી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.